# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-10-2023** **Midday : 1.20 to 1.30**

**Day : Firday** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી શાહ** વાંચે છે.

****************************************************

- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, આદર્શ આતંકવાદી વિરોધી માળખાને એનઆઈએ ના કાર્યક્ષેત્રમાં સ્થાપવું જોઇએ.
- ભારતીય રિઝર્વ બેન્કે રેપોરેટ સાડા છ ટકા જાળવી રાખવાનો નિર્ણય લીધો છે.
- કેન્દ્ર સરકારે પૂરગ્રસ્ત સિક્કિમ માટે આપત્તિ સહાય તરીકે 45 કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે.
- સરકારે ગેરકાયદેસર પ્રવૃત્તિ પ્રતિબંધક ધારા હેઠળ જમ્મુ અને કાશ્મીર ડેમોક્રેટીક ફ્રિડમ પાર્ટીને ગેરકાયદેસર સંગઠન જાહેર કર્યુ છે.
- ચીનમાં રમાઈ રહેલા એશિયન રમતોત્સવમાં ભારતે અત્યાર સુધીમાં 21 સુવર્ણ, 32 રજત અને 35 કાંસ્ય મળીને 88 ચંદ્રકો જીત્યા છે.
- આજે ICC ક્રિકેટ વર્લ્ડકપની બીજી મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ વચ્ચે રમાશે.

****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Home Minister Amit Shah

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, આદર્શ આતંકવાદી વિરોધી માળખાને એનઆઈએ ના કાર્યક્ષેત્રમાં સ્થાપવું જોઇએ.

નવી દીલ્હીમાં એનઆઇએ દ્વારા યોજાયેલી આતંકવાદી વિરોધી પરિષદના ઉદઘાટન સત્રમાં તેમણે આ મુજબ કહ્યું હતું શ્રી શાહે કહ્યું કે, કેન્દ્રિય અને રાજયોની તપાસ સંસ્થાઓ વચ્ચે સારૂં સંકલન સાધવા માટે રાજયોની બધી જ આતંકવાદ વિરોધી સંસ્થાઓએ એકસમાન માળખું અને માન્ય કામગીરીની પદ્ધતિ અપનાવવી જોઇએ.

ગૃહમંત્રીએ બધી જ આતંકવાદ વિરોધી તપાસ સંસ્થાઓને આતંકવાદ બાબતે નકકર અને મક્કમતાથી પગલાં લેવા અનુરોધ કર્યો હતો. તેમણે ખાસ કાર્યકારી દળ એનઆઇએ અને આતંકવાદ વિરોધીદળને પરંપરાગત કાર્યપદ્ધતિના બદલે નવી પહેલ કરી તપાસ અને કાર્યવાહી કરવાનું સૂચન કર્યું હતું.

# REV.-MUMBAI-RBI

ભારતીય રિઝર્વ બેન્કે રેપોરેટ સાડા છ ટકા જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે આજે મુંબઇમાં નાણાંનિતી સમિતિની બેઠક બાદ જણાવ્યું હતું કે, સ્ટેન્ડિંગ ડીપોઝીટ ફેસીલીટી રેટ સવા છ ટકા અને બેન્ક રેટ પોણા સાત ટકા રહેશે.

શ્રી દાસે કહ્યું કે, બૃહદ આર્થિક અને નાણાંકિય ઘટનાક્રમને ધ્યાનમાં લઇને નાણાંનીતી સમિતિએ સર્વાનુમતે રેપોરેટ સતત ચોથી વખત યથાવત રાખવાનો નિર્ણય લીધો છે.

આરબીઆઇએ વાસ્તવિક વિકાસદર બીજા ત્રિમાસિક સમયગાળા માટે સાડા છ ટકા, ત્રીજા ત્રિમાસિક સમયગાળા માટે છ ટકા, અને ચોથા ત્રિમાસિક સમયગાળા માટે 5.7 ટકા અંદાજ્યો છે.

## Sikkim add. CENTRE-SIKKIM ASSISTANCE

કેન્દ્ર સરકારે પૂરગ્રસ્ત સિક્કિમ માટેઆપત્તિ સહાય તરીકે 45 કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમની રચના પણ કરી છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કેઆ ટીમ ટૂંક સમયમાં સિક્કિમના પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેશે અને તેના મૂલ્યાંકનના આધારે રાજ્યને વધારાની કેન્દ્રીય સહાય મંજૂર કરવામાં આવશે. કેન્દ્ર સરકાર સિક્કિમની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. આ સાથે રાષ્ટ્રીય આપત્તિ નિવારણદળ, ભારતીય હવાઈદળના હેલિકોપ્ટર અને જરૂરી બચાવ સાધનોની પર્યાપ્ત ટીમો પણ  અપાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા સિક્કિમમાં વાદળ ફાટવાને કારણે તિસ્તા નદીમાં આવેલા અચાનક પૂરને કારણે અનેક પુલો, નેશનલ હાઈવે નંબર 10 અને ચુંગથાંગ ડેમના ભાગોને નુકસાન થયું હતું .

દરમિયાન, ગુવાહાટીમાં સંરક્ષણ જનસંપર્ક અધિકારીએ જણાવ્યા પ્રમાણે સિક્કિમમાં ગુમ થયેલા સેનાના જવાનોની શોધ ચાલી રહી છે. તપાસ અભિયાનમાં આધુનિક સાધનોની મદદ લેવામાં આવી રહી છે. સિંગતમ અને બરડાંગ વચ્ચેનો વાહન વ્યવહાર ફરીથી શરૂ કરવામાં આવ્યો છે. ભારતીય સેના ઉત્તર સિક્કિમમાં ફસાયેલા પ્રવાસીઓ અને નાગરિકોને ખાદ્યપદાર્થો અને તબીબી સહાય પૂરી પાડી રહી છે. સેનાના જવાનો લાચેન, લાચુંગ અને ચુંગથાનમાં ફસાયેલા પ્રવાસીઓ સુધી પહોંચી ગયા છે. પરંતુ હવામાનમા સુધારો થાય બાદ પ્રવાસીઓને હેલિકોપ્ટર દ્વારા બહાર લાવવામાં આવશે.

## Jammu and Kashmir Democratic Freedom Party

સરકારે ગેરકાયદેસર પ્રવૃત્તિ પ્રતિબંધક ધારા હેઠળ જમ્મુ અને કાશ્મીર ડેમોક્રેટીક ફ્રિડમ પાર્ટી – જેકેડીએફપી ને ગેરકાયદેસર સંગઠન જાહેર કર્યુ છે.

આ સંસ્થા વર્ષ 1998થી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી છે. ગૃહમંત્રાલયની યાદીમાં જણાવ્યુ છે કે, સંસ્થાના સભ્યોએ અલગતાવાદી અને આતંકવાદી પ્રવૃત્તિઓને હંમેશા પ્રોત્સાહન આપ્યું છે.

યાદીમાં જણાવ્યું છે કે, આ સંસ્થાના સભ્યો કાશ્મીરના લોકોને ઉશ્કેરીને કાશ્મીરને અલગ ઇસ્લામીક દેશ બનાવવા ઇચ્છે છે.

સંસ્થાનું આ વલણ દેશના સાર્વભૌમત્વ સલામતી અને એકતાના વિરોધમાં છે.

# Mumbai fire

મુંબઈના ગોરેગાંવના આઝાદ મેદાન પાસે આજે સવારે પાંચ માળની ઈમારતમાં બનેલી આગની ઘટનામાં છ લોકોના મોત થયા છે અને 31 લોકો ઇજાગ્રસ્ત થયા છે. ઘટના સ્થળેથી 30 લોકોને બચાવી લેવાયા છે. અગ્નિશામક દળો દ્વારા આગને કાબૂમાં લેવાના પ્રયાસો કરાઇ રહ્યા છે.

# Tamilnadu fire

તામિલનાડુના નાગાપટ્ટનમ જિલ્લામાં ગઈકાલે ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં ચાર લોકોના મોત થયા હતા. જિલ્લા પોલીસ અધિક્ષકના જણાવ્યા પ્રમાણે ઘટના સમયે ફેક્ટરીમાં આઠ લોકો હાજર હતા. ઇજાગ્રસ્તોની સરકારી હોસ્પિટલમાં સારવાર કરાઇ રહી છે. પોલીસે કેસ નોંધીને એક વ્યક્તિની ધરપકડકરી છે.

# Asian games

ચીનના હાંગઝોઉમાં રમાઈ રહેલા એશિયન રમતોત્સવમાં ભારત અત્યાર સુધીમાં 21 સુવર્ણ, 32 રજત અને 35 કાંસ્ય સહિત કુલ 88 મેડલ જીતીને ચોથા સ્થાને છે. આજે તીરંદાજીમાં, ભારતે મહિલા રિકર્વ ટીમ ઈવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. અંકિતા ભકત, ભજન કૌર અને સિમરનજીત કૌરે મહિલા રિકર્વ ટીમ ઈવેન્ટમાં વિયેતનામને 6-2થી હરાવ્યું હતું.

રમતગમત મંત્રી અનુરાગસિંહ ઠાકુરે મહિલા રિકર્વ ટીમને અભિનંદન પાઠવ્યા છે. બેડમિન્ટનમાં એચ.એસ.પ્રણોયે કાંસ્યચંદ્રક જીત્યો છે. પુરુષ ક્રિકેટમાં ભારતે બાંગ્લાદેશને નવ વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. મહિલા કબડ્ડીમાં ભારતે નેપાળ સામે જીત મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. બેડમિન્ટનમાં, ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડીની ભારતીય જોડી આજે સાંજે મેન્સ ડબલ્સ સેમિફાઈનલમા રમશે. હોકીમાં, ભારતીય પુરુષ ટીમ જાપાન સામે ટકરાશે

# NT. CRICKET-WORLD CUP 2023

આજે ICC ક્રિકેટ વર્લ્ડકપની બીજી મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ વચ્ચે રમાશે.

દરમિયાન ગઈકાલે રમાયેલી પહેલી મેચમાં ન્યુઝીલેન્ડે ઇંગ્લેન્ડને ૯ વિકેટે હરાવ્યું છે. આ પહેલા ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડ સામે જીતવા માટે 283 રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. ન્યુઝીલેન્ડે આ લક્ષ્યાંક 36.2 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

# Panjab stuble burning

પંજાબ સરકારે ડાંગરની કાપણી બાદ પરાળી સળગાવવા અંગે ખેડૂતોમાં જાગૃતિ વધારવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે. આમ છતાં પણ રાજ્યમાં પરાળ સળગાવવાની ઘટનાઓ વધી રહી છે. રાજ્યમાં પરાળ સળગાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

તેમ છતાં રાજ્યમાં ડાંગરની કાપણીની સિઝન શરૂ થયાના પાંચ દિવસમાં પરાળ સળગાવવાની ઘટના વધીરહી છે. જેના કારણે વાયુ ગુણવત્તા સૂચકાંક પર અસર થઈ રહી છે.

## PAKISTAN - AFGHAN IMMIGRANTS

અફઘાનિસ્તાને 31મી ઓક્ટોબર સુધીમાં તમામ અફઘાન વસાહતીઓને કાનૂની દસ્તાવેજો વિના હાંકી કાઢવાની પાકિસ્તાન સરકારની નીતિની ટીકા કરી છે. અને અફઘાનિસ્તાનના કાર્યવાહક સંરક્ષણમંત્રી મુલ્લા મોહમ્મદ યાકુબે . અફઘાનિસ્તાનના રોકાણકારોને પાકિસ્તાનમાંથી નીકળી જવા અને તેના બદલે અફઘાનિસ્તાનને આત્મનિર્ભર બનાવવા માટે રોકાણ કરવાનું આહ્વાન કર્યું હતું. આ ટીપ્પણીનો જવાબ આપતા પાકિસ્તાનના માહિતી મંત્રી જાન અચકઝાઈએ પાકિસ્તાન કોઈપણ બાહ્ય દબાણ હેઠળ ઝૂકશે નહીં તેમ જણાવ્યું હતું. પાકિસ્તાન સરકારે ભૂતકાળમાં અફઘાન વસાહતીઓને આતંકવાદી હુમલા અને નશાકારક પદાર્થોની હેરફેર માટે જવાબદાર ઠેરવ્યા છે

## Spinoza dutch prize

ભારતીય મૂળના પ્રોફેસર ડૉ. જોયિતા ગુપ્તાને વિજ્ઞાનના ક્ષેત્રમાં નેધરલેન્ડના સર્વોચ્ચ સ્પિનોઝા પુરસ્કારથી સન્માનિત કરાયા છે. આબોહવા પરિવર્તન ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર કાર્ય માટે તેમને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

નેધરલેન્ડના શિક્ષણ, વિજ્ઞાન અને સંસ્કૃતિ મંત્રી રોબર્ટ ડિજકગ્રાફે ગત બુધવારે એક સમારોહમાં આ એવોર્ડ એનાયત કર્યો હતો. પર્યાવરણીય વૈજ્ઞાનિક પ્રોફેસર જોઈતા ગુપ્તા એમ્સ્ટર્ડમ યુનિવર્સિટીમાં પર્યાવરણ અને વિકાસના પ્રોફેસર છે.

# Aasam flood

આસામમાં, ગુવાહાટીમા છેલ્લા બે દિવસથી થઈ રહેલા સતત વરસાદના કારણે મુશ્કેલભરી સ્થિતિ ઊભી થઈ છે. શહેરમાં પાણી ભરાવાને કારણે વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ છે